# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૭ તા.૦૬-૦૬-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળાઓમાં HOME LEARNING દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા તથા નવા શૈક્ષણિક સત્ર માટેની કામગીરી બાબત.

સંદર્ભ :- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆઈઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક સચિવાલય, ગાંધીનગરનો તા.૫-૬-૨૦૨૦નો ઠરાવ

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, હાલમાં COVID 19 નીમહામારી અન્વયે સરકારશ્રી દ્વારા વિવિધ સૂચનો પ્રસિદ્ધ થયેલ છે. કોરોના વાયરસની હયાત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને જાહેર આરોગ્યનું હિત જોખમાય નહી તે રીતે શૈક્ષણિક પ્રવૃત્તિ કેવી રીતે શરૂ કરવી તેમજ શાળાઓ કેવી રીતે શરૂ કરવી તે અંગે કાર્યપદ્ધતિ સંદર્ભિત બિડાણ મુજબના ઠરાવમાં જણાવેલ છે. ઠરાવનું ચૂસ્ત રીતે પાલન કરવાનું રહેશે.

૮ જૂન-૨૦૨૦ થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રમાં નીચે મુજબની સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

૧. આગામી શૈક્ષણિક સત્ર ૮-જૂન, ૨૦૨૦ થી શરૂ થાય છે ત્યારે બીજી સૂચના ન મળે ત્યાં સુધી તમામ શાળાઓનો (તમામ માધ્યમ,તમામ પાળી અને જુનિયર સીનીયર કે.જી. સહિત) સોમવાર થી શુક્રવારનો સમય ૭-૩૦ થી ૧૨-૩૦ નો રહેશે અને શનિવારનો સમય ૭-૩૦ થી ૧૧-૩૦ નો રહેશે.

૨. તમામ પ્રાથમિક શાળાઓમાં ધો.૧ના પ્રવેશની કામગીરી શરૂ કરવાની રહેશે.

૩. નવીન પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની ડાયસ ડેટામાં એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે.

૪. મુખ્ય શિક્ષકશ્રીએ જરૂરિયાત મુજબ આવશ્યક શિક્ષકોને શાળામાં હાજર રાખવાના રહેશે.કયા શિક્ષકે શાળામાં કયારે હાજર રહેવું તે બાબતમાં સંબંધિત શાળાની વિદ્યાર્થી સંખ્યાને આધારે કરવાની થતી કામગીરીને ધ્યાને લઈને મુખ્ય શિક્ષકશ્રીની સૂચના અનુસાર શિક્ષક હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૫. ધોરણ-૧ થી ૮ના તમામ વિદ્યાર્થીઓને તા.૮-૬-૨૦૨૦ થી તા.૧૩-૬-૨૦૨૦ સુધીમાં વિનામૂલ્યે પાઠયપુસ્તકો મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.પાઠયપુસ્તક વહેંચતી વખતે સોશીયલ ડીસ્ટન્સીંગનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

૬. કેન્દ્ર સરકારના ગૃહવિભાગના જાહેરનામા અનુસાર તા.૩૦-૬-૨૦૨૦ સુધી વિદ્યાર્થીઓએ શાળામાં આવવાનું રહેશે નહીં પરંતુ તેઓને ઘરે બેઠા અભ્યાસક્રમ મુજબ શૈક્ષણિક પ્રવૃત્તિઓ મળી રહે તે માટે HOME LEARNING ની પ્રક્રિયાના ભાગરૂપે **'ઘરે શિખીએ'** નામની ધો.૧ થી ૮ની તમામ વિદ્યાર્થીઓ માટે પુસ્તિકાઓ આપવાની રહેશે. આ પુસ્તિકાઓ તા.૯-૬-૨૦૨૦ના રોજ તમારી ઝોન કચેરીએથી

જે-તે મદદનીશ શાસનાધિકારીશ્રીની સૂચના અનુસાર મેળવી લઈને તમામ વિદ્યાર્થીઓને જે-તે વર્ગશિક્ષક મારફતે પહોંચાડવાની રહેશે.

૭. HOME LEARNING માટે આપવામાં આવેલ સાહિત્ય દરેક બાળકને મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.આ દરમ્યાન કોવીડ-૧૯ની સોશીયલ ડીસ્ટન્સીંગ માટેના માર્ગદર્શન સૂચનોનો અમલ કરવાનો રહેશે.

૮. તા.૧૫-૬-૨૦૨૦ થી ડી.ડી.ગિરનાર ટેલીવિઝન ચેનલ પરથી બાળકો માટેના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવશે જેનું સમયપત્રક જીસીઈઆરટી દ્વારા મોકલી આપવામાં આવશે. આ પ્રસારણની તમામ વિદ્યાર્થીઓને જાણ થાય તેવી વ્યવસ્થા શાળાના મુખ્ય શિક્ષકે શિક્ષકો મારફતે કરવાની રહેશે. આ કાર્યક્રમનો મહત્તમ લાભ દરેક વિદ્યાર્થીને મળે તે માટે વિદ્યાર્થીના વાલી, એસ.એમ.સી. વગેરે મારફતે ચોકસાઈપૂર્વક આયોજનબદ્ધ પ્રયત્ન કરવાના રહેશે.

૯. HOME LEARNING ના આ સમયગાળા દરમ્યાન મધ્યાહન ભોજન માટે કુકીંગ કોસ્ટ અને અનાજ વિતરણની વ્યવસ્થા રાજય સરકારશ્રી તરફથી કરવામાં આવશે.

૧૦. ધોરણ-૧માં નામાંકન કાર્ય કરવું તથા નામાંકન થયેલ બાળકોને જી.આર.પર ચડાવવા અને સર્વે રજીસ્ટર અપ-ડેટ કરવાનું રહેશે.

૧૧. ગત્ સત્રના વાર્ષિક પરિણામ પત્રકોની તમામ કામગીરી પૂર્ણ કરવી.

૧૨. વાર્ષિક પરિણામપત્રકો સુપરવાઈઝર પાસે ચેક કરાવવા.

૧૩. સતત સર્વગ્રાહી મુલ્યાંકનના પત્રકો અપ-ડેટ કરવાના રહેશે.

૧૪. વર્ષ-૨૦૧૯-૨૦ના શાળા નિરક્ષણ અંતર્ગત જો શાળાનું વહીવટી ઈન્સપેકશન બાકી હોય તો તે સત્વરે પૂર્ણ કરાવવું.

૧૫. શાળાના ડેડસ્ટોકનું વેરીફિકેશન કરીને બાદના સામાનનો નિકાલ કરવા દરખાસ્ત કરવી.

૧૬. વર્ચ્યુલ કલાસનો વધારેમાં વધારે શિક્ષકો અને બાળકો લાભ લે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

૧૭. ઓનલાઈન આવતા વિડીયો લેશન દરેક બાળક નિહાળે તેવું આયોજન અને અમલીકરણ કરવાનું રહેશે.

૧૮. એસએએસમાં બાકી રહેતો ડેટા તથા નવો ડેટા અપલોડ કરવો.

૧૯. વિદ્યાલક્ષ્મી બોન્ડ અને સ્કોલરશીપની દરખાસ્તો તૈયાર કરવાની રહેશે.

૨૦. એમ.ડી.એમ.ની બાકી રહેતી રકમ બાળકોના ખાતામાં જમા કરાવવાની રહેશે.

૨૧. એસએસએ દ્વારા આપવામાં આવેલી ગ્રાન્ટના રજીસ્ટરો અપ-ડેટ કરી સૂચના મળેથી તેનું ઓડિટ કરાવવાનું રહેશે.

૨૨. બાળકોના બેંક એકાઉન્ટની કામગીરી પૂર્ણ કરાવવી.

૨૩. શાળા બહારના બાળકોનું ચાઈલ્ડ ટ્રેકીંગ કરવાનું રહેશે.

૨૪. ટ્રાન્સપોર્ટેશન અને શાળા બહારના બાળકોના શિક્ષણ માટે એસ.ટી.પી. વર્ગની દરખાસ્તો તૈયાર કરી મોકલી આપવી.

૨૫. દિવ્યાંગ બાળકોને શિક્ષણ મળે અને તેમને મળતા લાભો અંગેની વ્યવસ્થા કરવાની રહેશે.

૨૬. શાળા લાયબ્રેરી રજીસ્ટર અપ-ડેટ કરવાનું રહેશે.

૨૭. ઈકોકલબ અને પર્યાવરણ લેબની પ્રવૃત્તિઓનું વાર્ષિક આયોજન કરવાનું રહેશે.

૨૮. વર્ગબંધારણ બનાવી તેનું અમલીકરણ કરવાનું રહેશે.

૨૯. શાળા એક્રીડીટેશન માટેની પૂર્વ તૈયારી અને વાર્ષિક આયોજન કરવાનું રહેશે.

૩૦. શાળા સ્વચ્છતા એવોર્ડ માટેની તૈયારી કરવાની રહેશે.

૩૧. શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટેની નિયમોનુસાર દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

ઉપરોકત તમામ કામગીરી HOME LEARNING ના સમયગાળા દરમ્યાન સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.કોઈપણ સંજોગોમાં શાળા ખાતે સોશીયલ ડીસ્ટન્સીંગનો ભંગ ન થાય તે ખાસ જોવાનું રહેશે. તમામ સ્ટાફ માસ્ક પહેરીને આવે, શાળા ખાતે આપવામાં આવેલ સેનીટાઈઝર વડે વારંવાર હાથ સાફ કરે તે સુનિશ્ચિત કરવું તથા COVID 19 સંક્રમણથી બચવા અંગેની માર્ગદર્શિકાનું પાલન કરવા બાબતના પરિપત્ર નં.૧૬ તા.૫-૬-૨૦૨૦નો ચુસ્ત અમલ કરવા જણાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને સાહિત્ય આપવા જાવ ત્યારે વાલીઓમાં કોરોના સંક્રમણથી બચવા માટેની લોકજાગૃતિ ફેલાવશો. વાલીઓને સ્વચ્છતા રાખવા, કોરોના સંદર્ભે જાગૃત રહેવા જણાવીને આ વૈશ્વિક મહામારીને નિયંત્રિત કરતા '' હું પણ કોરોના વૉરિયર્સ'' ચરિતાર્થ કરશો.

નોંધ :- જો કોઈ શાળા માઈક્રો કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં આવતી હોય તો તે શાળાના તમામ સ્ટાફે જે-તે સુપરવાઈઝરશ્રીનું માર્ગદર્શન મેળવીને નજીકની બીજી શાળામાં ઉપસ્થિત રહીને ઉપરોકત કામગીરી કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત ઠરાવ

તા.૦૬-૦૬-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં HOME LEARNING દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધે સૂચનાઓ પ્રસિદ્ધ કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવક્રમાંક:પીઆરઇ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક
સચિવાલય,ગાંધીનગર
તારીખ ૦૫ /૦૬/૨૦૨૦

વંચાણેલીધા:

૧. નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરીની તા.૨૯/૦૫/૨૦૨૦ની સીંગલ ફાઇલ પરની નોંધથી કરવામાં આવેલ દરખાસ્ત.

**પ્રસ્તાવના :**

કોવિડ-૧૯ની મહામારી અન્વયે સરકારશ્રી દ્વારા વિવિધ સૂચનાઓ પ્રસિદ્ધ થયેલ છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં કોરોના વાયરસ (Covid-19)ની હયાત પરિસ્થિતિને ધ્યાનમાં લઇને,જાહેર આરોગ્યનું હિત જોખમાય નહીં તે રીતે શૈક્ષણિક પ્રવૃત્તિ કેવી રીતે શરૂ કરવી તેમજ શાળાઓ કેવી રીતે શરૂ કરવી તે અંગે કાર્યપદ્ધતિ નક્કી કરવા સંદર્ભે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા સંદર્ભ (૧) હેઠળની સીંગલ ફાઇલથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

ઉપર્યુક્ત બાબતે થયેલ કાળજીપૂર્વકની વિચારણાને અંતે, રાજ્યની સરકારી, બિનસરકારી અનુદાનિત(ગ્રાન્ટ-ઇન-એઇડ) અને ખાનગી (સ્વનિર્ભર) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષની શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધે હાલની સ્થિતિને અનુલક્ષીને HOME LEARNING માટે નીચે મુજબની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(1). **રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તારીખ ૦૮/૦૬/૨૦૨૦થી ધોરણ-૧ તથા ધોરણ ૯માં પ્રવેશ આપવાની કામગીરી શરૂ કરવાની રહેશે અને પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની ડાયસમાં ડેટા એન્ટ્રીની કામગીરીપૂર્ણ કરવાની રહેશે.** આ કામગીરી માટે આવશ્યક શિક્ષકોને મુખ્યશિક્ષક/આચાર્યશ્રીએ જરૂરિયાત મુજબ શાળામાં હાજર રાખવાના રહેશે.કયા શિક્ષકે શાળામાં ક્યારે હાજર રહેવું તે બાબતમાં સંબંધિત શાળાની વિદ્યાર્થી સંખ્યાને આધારે કરવાની થતી કામગીરીને ધ્યાને લઈને મુખ્યશિક્ષક/આચાર્યશ્રીની સુચનાનુસાર શિક્ષક હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(2).જે વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો પુરા પાડવામાં આવેછે, તેવા **વિદ્યાર્થીઓને તારીખ ૦૮/૦૬/૨૦૨૦થી તારીખ ૧૩/૦૬/૨૦૨૦ સુધીમાં પુસ્તકો મળી જાય તે મુજબની વ્યવસ્થા દરેક શાળાએ ગોઠવવા ની રહેશે.**આ માટે Social Distancingનું સંપૂર્ણ પાલન કરીને દરેક વિદ્યાર્થીઓને અચૂકપણે પુસ્તકો મળી જાય તે મુજબનું દરેક શાળાના મુખ્યશિક્ષક/આચાર્યશ્રીએ આયોજન કરવાનું રહેશે.

(3).કેન્દ્ર સરકારના ગૃહ વિભાગના જાહેરનામા અનુસાર તારીખ ૩૦/૦૬/૨૦૨૦ સુધી વિદ્યાર્થીઓ માટે શાળામાં આવવાનું રહેશે નહીં પરંતુ તેઓને ઘરે બેઠા અભ્યાસક્રમ મુજબ શૈક્ષણિક પ્રવૃત્તિઓ મળી રહેતે મુજબ HOME LEARNING ની પ્રક્રિયા શરૂ કરવાની રહેશે .

**(4).વિદ્યાર્થીઓની HOME LEARNINGની પ્રક્રિયા (શૈક્ષણિક કાર્ય) ઘેર બેઠા થઈ શકે તે માટે સાહિત્ય,ઓનલાઈન એજ્યુકેશન, મોબાઈલના ઉપયોગ દ્વારા, ટેલિવિઝનના માધ્યમ દ્વારા જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.**

**(5).તારીખ ૧૫/૦૬/૨૦૨૦થી DD GIRNAR ટેલી વિઝન ચેનલ પરથી બાળકો માટેના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવશે.જેનું સમય પત્રક GCERT અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા આપવામાં આવશે.** આ પ્રસારણની તમામ વિદ્યાર્થીઓને જાણ થાય તેવી વ્યવસ્થા શાળાના મુખ્યશિક્ષક/આચાર્યશ્રીએ શિક્ષકો મારફતે કરવાની રહેશે.

(6).તમામ બાળકો આ કાર્યક્રમોનો મહત્તમ લાભ લઇ શકે તે માટે દરેક શાળાનાં મુખ્યશિક્ષક/આચાર્યશ્રીએ વિદ્યાર્થીના વાલી, એસ.એમ.સી.વગેરે મારફતે ચોકસાઈપૂર્વક આયોજનબદ્ધ પ્રયત્નો કરવાનાં રહેશે.

(7).રાજ્ય સરકાર દ્વારા બાળકોના HOME LEARNING માટે પ્રસારિત કરવામાં આવનાર દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમનો મહત્તમ લાભ પોતાનાં બાળકો નિયમિત રીતે લઈ શકે તેમાટે જરૂરી મદદ અને સહકાર મળી રહે તે માટે વાલીઓને પણ અપીલ કરવામાં આવે છે.

(8).ધોરણ ૩ થી ૫ માટે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા, ધોરણ ૬ થી ૮ માટે GCERT દ્વારા અને ધોરણ ૧૦ અને ૧૨ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા Audio-visual Learning Content તૈયાર કરવાનું રહેશે.

(9).HOME LEARNING ના સમયગાળા દરમિયાન મધ્યાહન ભોજન માટે કુકીંગકોસ્ટ અને અનાજ વિતરણની વ્યવસ્થા રાજ્ય સરકાર તરફથી કરવામાં આવશે.

(10). જે ખાનગી શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓને ઘરે બેઠા શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે, તેવી શાળાઓએ આર.ટી.ઈ .હેઠળ પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ પણ આવા શિક્ષણથી વંચિત ન રહી જાય અને તેઓ માટે પણ છાપેલ સાહિત્ય પણ પહોંચાડવાની વ્યવસ્થા કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તારીખ ૦૫/૦૬/૨૦૨૦થી નોંધથી મળેલ મંજુરીને અનુલક્ષીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપસચિવ
શિક્ષણવિભાગ

પ્રતિ:

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિકશિક્ષણ)નાઅંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (શિક્ષણ),શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી (પ્રા.શિ અને મા.શિ),શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તકમંડળ, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોકનં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, મધ્યાહન ભોજનની કચેરી,બ્લોકનં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી.,સેક્ટર-૧૨,ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ

(નિયામકશ્રી, પ્રાથમિકશિક્ષણની કચેરી મારફત.)

- કોમ્પ્યુટરસેલ, શિક્ષણવિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેકટફાઇલ.